પૂર્વછાયો- દિયે પરચા દાસને, દિનબંધુ દીનદયાળ ।
જોઈ સામર્થી શ્યામની, મન મગન રહે મરાળ ॥૧॥
જણજણ પ્રત્યે જુજવા, આપી પરચા અપાર ।
તેણે ખુમારી તનમાં, મન મસ્ત રહે નરનાર ॥૨॥
વળી કહું એક વારતા, વિધવિધ કરી વખાણ ।
સાંભળજ્યો સહુ શ્રવણે, સત્યવાદી જન સુજાણ ॥૩॥
મોટા સંત મહારાજના, વંદુ હું વ્યાપકાનંદ ।
તેની કીર્તિ સુણતાં, આવે ઉરમાં આનંદ ॥૪॥

ચોપાઇ- **ધન્ય સંત** તે વ્યાપકાનંદ, જન સુખદાયી જગવંદ ।
ત્રિશ સંતગુણે તેતો શોભે, કામ ક્રોધ લોભમાં ન ક્ષોભે ॥૫॥
અષ્ટ સિધ્ધિ નવ નિધિ મળે, તેને દેખીને ચિત્ત ન ચળે ।
એવા સંત શિરોમણી સારા, ધ્યાનવાન પ્રભુજીને પ્યારા ॥૬॥
થઈ જે દિ'ની સહજ સમાધ્ય, દીઠી સામર્થી હરિની અગાધ્ય ।
સર્વે લોક ધામ ધામધણી, જાણી સામર્થી મહારાજ તણી ॥૭॥
સર્વે કારણના જે કારણ, દેખે હરિને કરી ધારણ ।

આપે વર્તે પંડે અંડપાર, નહિ દેહદશા તે લગાર ॥૮॥
અણઈચ્છાએ ઉતર્યા ઝાડી, આવ્યો આગળ દેશ અનાડી ।
તિયાં આવ્યું શહેર એક જાણો, તેનો રાજા મલેચ્છ પ્રમાણો ॥૯॥
તેનો દિવાન વણિક જન, કર્યું રાજકાજ બહુ દન ।
એક દિન આવ્યો વાંકમાંઇ, કર્યો બંધિવાન રાયે ત્યાંઇ ॥૧૦॥
બહુ દિન બંધિખાને રહ્યો, ત્યાર પછી દંડ તેનો થયો ।
ઠેરાવિયા રૂપિયા કરોડી, લઇ જામીન ને મૂક્યો છોડી ॥૧૧॥
માસ એકનો કર્યો ઠેરાવો, ભરે રૂપિયા તો નહિ દાવો ।
નહીં તો કરીએ મુસલમાન, એવી રીત્યના લીધા જમાન ॥૧૨॥
મોટા શેઠના ગળામાં નાખી, છોડ્યો વણિક સાયદી રાખી ।
પછી તેણે દંડ દેવા કાજ, વેચ્યો ઘરનો સરવે સમાજ ॥૧૩॥
ઘણા રૂપિયા ઘરના દીધા, બીજા ઉછિ ઉધારે તે લીધા ।
તોય દંડ પૂરો નવ થયો, દેતાં દેતાં અધૂરો જ રહ્યો ॥૧૪॥
પછી વણિક મરવા વિચાર, આવ્યો શિવાલયે પુરબાર ।
દિયે પ્રદક્ષિણા ને પોકારે, આવાં કષ્ટથી કોણ ઉગારે ॥૧૫॥
હાયહાય હિન્દુધર્મ જાશે, હાય મનખો હરામ થાશે ।
એમ શોકમાં કરે પોકાર, દીઠા સાધુ દોય તેહ ઠાર ॥૧૬॥
તેમાં વડેરા વ્યાપકાનંદ, દેખી વણિક પામ્યો આનંદ ।
આવી લાગ્યો સંત દોય પાય, રુવે નયણે નીર ન માય ॥૧૭॥
તેને ધીરજ દઈ પૂછે સંત, કહે વણિક તારું વ્રતંત ।
કહી વણિકે પોતાની વાત, સુણી સંતે તે સર્વે વિખ્યાત ॥૧૮॥
પછી વ્યાપકાનંદજી કહે, સ્વામિનારાયણ નામ લહે ।
ધાર નિયમ કર સતસંગ, થાઈશ સુખિયો સર્વે અંગ ॥૧૯॥
પછી તેણે તેમજ કર્યું, સુત નારી સહિત નિયમ ધર્યું ।
આવ્યો વણિક સંતને ચરણે, ત્યારે વિચાર્યું અશરણ શરણે ॥૨૦॥
હવે કરવું એહનું કાજ, થયા સાબદા પોતે મહારાજ ।
વાલે લીધો વણિકનો વેષ, સુંદર મોળિડું બાંધિયું શિશ ॥૨૧॥

પહેરી અંગરખી લાંબી બાંય, ચાળ વિશાળ લડસડે પાય ।
બાંધ્યો કમરે કસુંબી કણો, સોનેરી છેડે શોભે છે ઘણો ॥૨૨॥
તેમાં ખોસી છે સુંદર દોત, કાંધે દુશાલ ઝીણેરે પોત ।
હસે મુખે પડે ખાડા ગાલ, મોટા ધનાઢ્ય ઝળકે ભાલ ॥૨૩॥
કાંઈ બોલે મુખેથી તોતળિયું, લીધા રૂપૈયા ભરી કોથળિયું ।
લીધા સેવક સંગે બેચાર, આવ્યા શ્યામળો શહેર મોઝાર ॥૨૪॥
આવી પૂછિયું શેઠનું હાટ, કહે આવ્યા દામ દેવા માટ ।
માગો નાણું તે તમારું લિયો, ખત નાથ કહે પાછું દિયો ॥૨૫॥
ખત દૈશ હું દાસને જ્યારે, અન્ન જળ લઈશ હું ત્યારે ।
દામ વિના જે પિડાય દાસ, એવો લોભ નહિ અમ પાસ ॥૨૬॥
કહે વેલ્ય મ કરો લગાર, લિયો રૂપૈયા કહે વારંવાર ।
આપી રૂપૈયા ને ખત લીધું, લઈ વણિકને કર દીધું ॥૨૭॥
એમ પરચો પૂરી દયાળ, ચાલ્યા નાથ ત્યાંથી તતકાળ ।
વ્યાપકાનંદજીનું વચન, કર્યું સત્ય પોત્યે ભગવન ॥૨૮॥
પૂરી પરચો ચાલ્યા દયાળ, ભક્તાધીન દીનપ્રતિપાળ ।
વળી વ્યાપકાનંદની વાણી, કરી સત્ય તે સારંગપાણી ॥૨૯॥
તેની વર્ણવીને કહું વાત, વ્યાપકાનંદજીની વિખ્યાત ।
પછી ત્યાંથી ચાલ્યા દોય સંત, આવ્યા બુદેલખંડે મહંત ॥૩૦॥
તિયાં આવ્યું શહેર એક સારું, ઉતરવાનું તો નિત્ય બહારું ।
જોઈ જાયગા સુંદર સૂનિ, તિયાં ઉતરીયા બેઉ મુનિ ॥૩૧॥
તિયાં આવ્યો દ્વિજ એક ભાવી, કહે કરો ભોજન ઘેર આવી ।
બોલ્યા વ્યાપકાનંદ વિચારી, સારું કરાવો ભોજન ત્યારી ॥૩૨॥
પછી સુંદર રસોઈ કરી, આવ્યો વિપ્ર તેડવાને ફરી ।
તેડી લાવિયો નિજ અગારે, કરી પૂજા ષોડશોપચારે ॥૩૩॥
પછી પિરશું પનવાડે અન્ન, તિયાં વિપ્રસુતે તજ્યું તન ।
પછી વિપરે કર્યો વિચાર, આવ્યો ધર્મસંકટ આવાર ॥૩૪॥
મુવે મનુષ્યે નહિ જમે સંત, ભૂખ્યા જાશે એ દોષ અત્યંત ।

પછી હાથ જોડી લાગ્યો પાય, કરે સ્તવન મન અકળાય ॥૩૫॥
કહે વિપ્ર હું મોટો અભાગી, ઘણે દને મળ્યા તમે ત્યાગી ।
તેને જમાડી લાવો ન લીધો, થયો વ્યર્થ મનોરથ કીધો ॥૩૬॥
આ સમે પામ્યો પુત્ર તે મરણ, કેમ કરૂં હું અશરણ શરણ ।
પછી બોલિયા સંત સુજાણ, તર્ત મનુષ્ય તજે નહિ પ્રાણ ॥૩૭॥
જાઓ જીવ હશે દેહમાંઇ, જોઇ કહેજ્યો પછી આવી આંઇ ।
કહે વિપ્ર જોયું વળી વળી, જીવ નિશ્ચે ગયો છે નિકળી ॥૩૮॥
કહે સંત તું જા તિયાં સહિ, સ્વામિનારાયણ નામ લહિ ।
વિપ્ર કરી વચન વિશવાસ, આવ્યો મૃતક સુતને પાસ ॥૩૯॥
આવી જોયું ત્યાં આશ્ચર્ય પામ્યો, જીવ્યો સુત શોક સર્વે વામ્યો ।
પછી વિપ્ર પડ્યો સંતચરણે, આજથી હું છું તમારે શરણે ॥૪૦॥
તમે નહિ મનુષ્ય છો દેવ, આવ્યા મુજસારુ તતખેવ ।
એમ પ્રકટ પરચો આપી, ચાલ્યા સંત દ્વિજ દુઃખ કાપી ॥૪૧॥
એમ વ્યાપકાનંદજી વળી, પામ્યા પરચા બહુ હરિ મળી ।
એમ દીનબંધુ જે દયાળુ, કરે સંતનાં કાજ કૃપાળુ ॥૪૨॥
બહુ પરચા પળે પળે થાય, કવિ કોટ્યે પણ ન કહેવાય ।
ઘણી વાવરે સામર્થી શ્યામ, કરે બહુ નિજજનનાં કામ ॥૪૩॥
દિઠું સાંભળ્યું સતસંગમાંય, પળે પળે કરે હરિ સાય ।
તેણે વર્તે અખંડ આનંદ, ધન્ય ધન્ય સ્વામી સહજાનંદ ॥૪૪॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજી મહારાજે વ્યાપકાનંદ સ્વામીને પરચા પૂર્યા એ નામે એકસો ને ત્રિશમું પ્રકરણમ્ ॥૧૩૦॥